




IPL 2026 આજની મેચ

DC vs MI — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: દિલ્હી

GT vs RR — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: અમદાવાદ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 1 | 1 | 0 | 0 | 2 | 4.171 |
| RCB | 1 | 1 | 0 | 0 | 2 | 2.907 |
| MI | 1 | 1 | 0 | 0 | 2 | 0.687 |
| DC | 1 | 1 | 0 | 0 | 2 | 1.397 |
| PBKS | 1 | 1 | 0 | 0 | 2 | 0.509 |
| SRH | 2 | 1 | 1 | 0 | 2 | 0.469 |
| GT | 1 | 0 | 1 | 0 | 0 | -0.509 |
| LSG | 1 | 0 | 1 | 0 | 0 | -1.397 |
| KKR | 2 | 0 | 2 | 0 | 0 | -1.964 |
| CSK | 1 | 0 | 1 | 0 | 0 | -4.171 |

## અંપાયર સાથે અસંમતિ દર્શાવવા બદલ અભિષેક શર્માને દંડ

કોલકાતા, તા. 3 (પીટીઆઈ): સનરાઈઝર્સ હૈદરાબાદના વાઈસ-કેપ્ટન અભિષેક શર્માને કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધની મેચમાં આઈપીએલ આચાર સંહિતાના ભંગ બદલ મેચ ફીના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. લેવલ-1ના ગુના હેઠળ તેણે અમ્પાયરના નિર્ણય સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો, જેના કારણે તેને એક ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે. ગુરુવારે રમાયેલી મેચ દરમિયાન વરુણ ચક્રવર્તીએ લીધેલા એક વિવાદાસ્પદ કેચને ટીવી અમ્પાયર નીતિન મેનન દ્વારા આઉટ જાહેર કરવામાં આવ્યો હતો. આ નિર્ણય સામે સંમત ન થતા અભિષેકે મેદાન છોડતી વખતે પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. જોકે, આ મેચમાં અભિષેકે માત્ર 21 બોલમાં 48 રન ફટકારીને સનરાઈઝર્સને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વિજય સાથે હૈદરાબાદે આઈપીએલ-2026માં પોતાનું ખાતું ખોલાવ્યું છે.

# ચેન્નાઈએ પંજાબ કિંગ્સને આપ્યો 210 રનનો લક્ષ્યાંક

**આયુષ** મ્હાત્રેના વિસ્ફોટક 73 રન, સેમસન ફરી નિષ્ફળ

**છેલ્લી** ઓવરોમાં સરફરાઝ અને દુબેની આક્રમક બેટિંગ



ચેન્નાઈ, તા. 3 (પીટીઆઈ): ચેન્નાઈમાં શુક્રવારે રમાયેલી આઈપીએલ (IPL) મેચમાં આયુષ મ્હાત્રેની શાનદાર અડધી સદીની મદદથી ચેન્નાઈ સુપર કિંગ્સે પંજાબ કિંગ્સ સામે 209 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો.

યુવા પ્રતિભાશાળી બેટ્સમેન મ્હાત્રેએ માત્ર 43 બોલમાં 73 રન ફટકારીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

મેચની શરૂઆતમાં સંજુ સેમસન સસ્તામાં આઉટ થઈ જતા સીએસકે મુશ્કેલીમાં જણાઈ રહ્યું હતું, પરંતુ મ્હાત્રે અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે (28) બીજી વિકેટ માટે 96 રનની મહત્વની ભાગીદારી કરી દાવને સંભાળ્યો હતો. મ્હાત્રેએ પાવર પ્લેમાં ઝેવિયર બાર્ટલેટને સતત ત્રણ ચોગ્ગા ફટકારી આક્રમક શરૂઆત કરી હતી અને પોતાની ફિફ્ટી માત્ર 29 બોલમાં પૂરી કરી હતી. મુંબઈના આ યુવા ખેલાડીએ માર્કો યાનસેન અને માર્કસ સ્ટોઈનિસ જેવા બોલરો સામે સિક્સરનો વરસાદ કર્યો હતો. જોકે, યુઝવેન્દ્ર ચહલની સ્પિન સામે તે થોડો સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો અને અંતે વૈશાકનો શિકાર બન્યો હતો.

ગાયકવાડ અને મ્હાત્રેની વિકેટ પડ્યા બાદ 10થી 15 ઓવર વચ્ચે રન ગતિ થોડી ધીમી પડી હતી, પરંતુ અંતિમ ઓવરોમાં સરફરાઝ ખાન અને શિવમ દુબેએ તોફાની બેટિંગ કરી હતી. સરફરાઝે માત્ર 12 બોલમાં 32 રન ઝૂડી કાઢ્યા હતા, જેમાં અર્શદીપ સિંહ સામેની ચોગ્ગાની હેટ્રિક સામેલ હતી. બીજી તરફ શિવમ દુબેએ 27 બોલમાં 45 રન ફટકાર્યા હતા. આ બંનેની આક્રમકતાને કારણે ચેન્નાઈએ છેલ્લી 5 ઓવરમાં 64 રન ઉમેર્યા હતા.

# નિખત, પ્રિયા અને પ્રીતિ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપની સેમિફાઈનલમાં

**ત્રણેય** મહિલા બોક્સરે ક્વાર્ટર ફાઈનલમાં વિજય હાંસલ કરી ભારત માટે 3 મેડલ પાકા કર્યા





ઉલાનબાતાર (મોંગોલિયા), તા. 3 (પીટીઆઈ): એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા બોક્સરોએ શાનદાર પ્રદર્શન કરતા શુક્રવારે ભારત માટે ઓછામાં ઓછા ત્રણ મેડલ પાક્કા કરી લીધા છે. સ્ટાર બોક્સર નિખત ઝરીન, પ્રિયા અને પ્રીતિ પવારે પોતપોતાની કેટેગરીમાં સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

નિખતે 51 કિલો વર્ગમાં ફિલિપાઈન્સની શિયાન બાગુહિન સામે એકતરફી મુકાબલામાં પ્રથમ રાઉન્ડમાં જ વિજય મેળવ્યો હતો. રેફરીએ રમત અટકાવી નિખતને વિજેતા જાહેર કરી હતી. હવે સેમીફાઈનલમાં તેનો સામનો ચીનની ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ વુ યુ સામે થશે.

60 કિલો વર્ગમાં પ્રિયાએ ચીનની ચેંગ્યુ યાંગને 4-1થી હરાવીને સેમીફાઈનલમાં જગ્યા બનાવી છે. ફાઈનલમાં પહોંચવા માટે હવે તેણે મોંગોલિયાની નામુન મોન્ખોરનો સામનો કરવો પડશે.

વર્લ્ડ બોક્સિંગ કપની ગોલ્ડ મેડલિસ્ટ પ્રીતિ પવારે 54 કિલો વર્ગમાં મોંગોલિયાની મુંગુન ત્સેત્સેગને 5-0થી હરાવીને ક્લિનિકલ પ્રદર્શન કર્યું હતું. હવે સેમીફાઈનલમાં તેની ટક્કર ઇમ એજી સામે થશે.

જોકે, પુરુષોની 70 કિલો કેટેગરીમાં દીપક ક્વાર્ટર ફાઈનલમાં જોર્ડનના ઝિયાદ ઈશાશ સામે 1-4થી હારીને સ્પર્ધામાંથી બહાર થઈ ગયો છે. ભારતને હવે આ ત્રણેય મહિલા બોક્સરો પાસેથી ગોલ્ડ મેડલની આશા છે.

# રોહિત અને વિરાટને વર્લ્ડકપ અંગે સ્પષ્ટતા આપવી જોઈએ: યુવરાજ

**યુવરાજની** BCCI અને ગંભીરને રોહિત અને વિરાટને અંધારામાં ન રાખવાની સલાહ

### નિવૃત્તિ સમયે મને સ્પષ્ટતા ન મળી: યુવરાજ સિંહનો વસવસો

યુવરાજ સિંહે પોડકાસ્ટમાં એક ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું કે તેની કારકિર્દીના અંતિમ વર્ષોમાં તેને પોતાના ભવિષ્ય અંગે કેપ્ટન (કોહલી) કે કોચ (રવિ શાસ્ત્રી) તરફથી કોઈ સ્પષ્ટતા મળી ન હતી, માત્ર એમ.એસ. ધોનીએ તેને સાચું ચિત્ર બતાવ્યું હતું. યુવરાજના મતે ઝહીર ખાન, વિરેન્દ્ર સેહવાગ અને હરભજન સિંહ જેવા દિગ્ગજોને પણ ટીમમાં તેમના સ્થાન અંગે ક્યારેય પારદર્શક માહિતી આપવામાં આવી ન હતી. ઉલ્લેખનીય છે કે કેન્સર સામે લડતા હોવા છતાં યુવરાજે 2011ના વર્લ્ડ કપમાં ભારતને ચેમ્પિયન બનાવ્યું હતું અને તે 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' રહ્યો હતો.

નવી દિલ્હી, તા. 3: ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ ખેલાડી યુવરાજ સિંહે 2027 વનડે વર્લ્ડકપના રોડમેપ અંગે BCCI અને પસંદગીકારોને સ્પષ્ટ સંભળાવ્યું છે. યુવીનું માનવું છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓને ભવિષ્ય અંગે અંધારામાં રાખવા તે ખોટું છે અને તેમની સાથે પારદર્શક વાતચીત થવી જોઈએ.

યુવરાજે એક પોડકાસ્ટમાં ભારપૂર્વક જણાવ્યું કે મેનેજમેન્ટે આ બંને દિગ્ગજો સાથે રૂબરૂ બેસીને ખુલીને વાત કરવી જોઈએ પછી ભલે તે વાત થોડી સખત અને કડવી હોય. તેમણે સૂચન કર્યું કે આઈપીએલ 2026 પછી કોચ ગૌતમ ગંભીર અને પસંદગીકારોએ નક્કી કરી લેવું જોઈએ કે તેઓ રોહિત-વિરાટને 2027ના વર્લ્ડકપમાં જુએ છે કે નહીં. યુવીના મતે મોટા ટૂર્નામેન્ટ ફક્ત યુવા ખેલાડીઓના જોરે જીતી શકાતા નથી. રોહિત એક ચેમ્પિયન કેપ્ટન છે અને વિરાટ આ પેઢીનો સર્વશ્રેષ્ઠ ખેલાડી છે. કાં તો તેમને વર્લ્ડકપ સુધી પૂરો ટેકો આપવો જોઈએ અથવા સ્પષ્ટ કરી દેવું જોઈએ કે હવે ટીમ યુવા ખેલાડીઓ (જેમ કે યશસ્વી જાયસ્વાલ) તરફ જોઈ રહી છે. નોંધનીય છે કે, હાલમાં રોહિત શર્મા વનડે રેન્કિંગમાં પ્રથમ સ્થાને છે અને વિરાટ કોહલી પણ દક્ષિણ આફ્રિકા સામે શાનદાર પ્રદર્શન બાદ ફોર્મમાં પરત ફર્યો છે.

# કોલકાતાએ ગ્રીનના સ્થાને સ્પેશિયાલિસ્ટ બેટ્સમેનને લાવવો જોઈએ: ગાવસ્કર

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટ ગાવસ્કરે હૈદરાબાદના નીતીશ રેડ્ડીના વખાણ કર્યા

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): દિગ્ગજ બેટ્સમેન અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે કોલકાતા નાઈટ રાઈડર્સને તેમની ટીમમાં ફેરફાર કરવાની સલાહ આપી છે. ગાવસ્કરના મતે, ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન પર ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વર્કલોડ મેનેજમેન્ટને કારણે બોલિંગ પર પ્રતિબંધ હોવાથી KKRનું સંતુલન ખોરવાયું છે. તેમણે સૂચવ્યું કે જો ગ્રીન બોલિંગ ન કરવાનો હોય, તો ટીમે તેના સ્થાને અન્ય સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન લાવવો જોઈએ. KKR ની શરૂઆત નબળી રહી છે અને મુંબઈ તેમજ હૈદરાબાદ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. બીજી તરફ, ગાવસ્કરે સનરાઈઝર્સ હૈદરાબાદના નીતીશ કુમાર રેડ્ડીના પ્રદર્શનના વખાણ કર્યા હતા. રેડ્ડીની વધેલી ઝડપ અને લયને ગાવસ્કરે ભારતીય ક્રિકેટ માટે પ્રોત્સાહક ગણાવી છે. રેડ્ડીએ હૈદરાબાદની જીતમાં ઓલરાઉન્ડ દેખાવ (39 રન આપીને 2 વિકેટ) કરીને મહત્વની ભૂમિકા ભજવી હતી.

# દિલ્હી કેપિટલ્સનો ઘરઆંગણે મુંબઈ ઈન્ડિયન્સ સામે જંગ





**દિલ્હી** માટે ટોપ ઓર્ડરનું ખરાબ ફોર્મ ચિંતાનો વિષય જ્યારે રોહિત અને રિકલટનના શાનદાર ફોર્મના પગલે મુંબઈ આત્મવિશ્વાસથી ભરપૂર

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર બપોરે 3.30 વાગ્યાથી

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): શનિવારે આઈપીએલ 2026ની પ્રથમ હોમ ગેમમાં દિલ્હી કેપિટલ્સ (DC) આત્મવિશ્વાસથી ભરપૂર મુંબઈ ઈન્ડિયન્સ (MI) સામે ટકરાશે. દિલ્હી માટે સૌથી મોટી ચિંતા તેમનું ટોપ ઓર્ડર છે, લખનૌ સામેની પ્રથમ મેચમાં માત્ર 26 રનમાં 4 વિકેટ ગુમાવીને તેનો ધબડકો વળી ગયો હતો. જોકે, યુવા સમીર રિઝવીની અડધી સદી અને ટ્રિસ્ટન સ્ટબ્સની પરિપક્વ બેટિંગને કારણે દિલ્હીએ તે મેચ જીતી લીધી હતી. પૃથ્વી શૉ કે અભિષેક પોરેલને તક આપીને દિલ્હી બેટિંગમાં સ્થિરતા લાવવા પ્રયત્ન કરશે.

દિલ્હીનું બોલિંગ યુનિટ મજબૂત દેખાઈ રહ્યું છે. કુલદીપ યાદવ અને અક્ષર પટેલની સ્પિન જોડી મધ્ય ઓવરોમાં રન રોકવા માટે સજ્જ છે, જ્યારે ટી નટરાજન અને લુન્ગી એન્ગિડીએ લખનૌ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. મિચેલ સ્ટાર્કની ગેરહાજરીમાં પણ દિલ્હીના બોલરોએ પ્રભાવ પાડ્યો છે, જે રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવ જેવા વિસ્ફોટક બેટ્સમેનો સામે મહત્વનું સાબિત થશે. બીજી તરફ, મુંબઈ ઈન્ડિયન્સે 14 વર્ષનો પ્રથમ મેચ હારવાનો 'ખરાબ' રેકોર્ડ તોડીને કોલકાતા સામે શાનદાર જીત મેળવી છે. રોહિત શર્મા (78 રન) અને રાયન રિકલટન (81 રન) ફોર્મમાં છે. મુંબઈની બોલિંગમાં જસપ્રીત બુમરાહ અને ટ્રેન્ટ બોલ્ટની જોડી દિલ્હીના બેટ્સમેનો માટે પડકારરૂપ રહેશે. સૂર્યકુમાર યાદવની ફિટનેસ પર નજર રહેશે, કારણ કે તેને ગત મેચમાં ઈમ્પેક્ટ પ્લેયર તરીકે ઉપયોગમાં લેવાયો હતો. મુંબઈ આ વિજયી લય જાળવી રાખવા મક્કમ છે.

## ડોપિંગ ઉલ્લંઘનમાં કેન્યાને પાછળ છોડી ભારત વિશ્વમાં પ્રથમ સ્થાને

નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ): ભારતીય એથ્લેટિક્સ માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. 'એથ્લેટિક્સ ઈન્ટિગ્રિટી યુનિટ' (AIU)ની ડોપિંગ ઉલ્લંઘનને કારણે પ્રતિબંધિત ખેલાડીઓની યાદીમાં ભારત હવે કેન્યાને પાછળ છોડીને વિશ્વમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે. 1 એપ્રિલ, 2026 સુધીના અપડેટ થયેલા આંકડા મુજબ, ભારતના 148 ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લેટ્સ હાલમાં સસ્પેન્ડ છે, જે કેન્યા (146) કરતા બે વધુ છે. આ યાદીમાં રશિયા 66 ખેલાડીઓ સાથે ત્રીજા સ્થાને છે. ભારતીય એથ્લેટિક્સ ફેડરેશન (AFI)એ આ દૂષણને ડામવા માટે કડક પગલાં લીધા છે. હવે તમામ કોચ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત કરાયું છે. જે કોચ રજીસ્ટર નહીં હોય તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે અને તેમના તાલીમાર્થીઓ રાષ્ટ્રીય એવોર્ડ માટે અપાત્ર ગણાશે. 2024 પેરિસ ઓલિમ્પિક બાદ રાષ્ટ્રીય કેમ્પોનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. હવે માત્ર રિલે ટીમો માટે જ રાષ્ટ્રીય કેમ્પ યોજાય છે, જ્યારે અન્ય ખેલાડીઓ રિલાયન્સ, જેએસડબ્લુ, ટાટા અથવા સેના જેવી ખાનગી અને સરકારી સંસ્થાઓમાં તાલીમ લઈ રહ્યા છે. AIUએ વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા સ્થાપિત સ્વતંત્ર સંસ્થા છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ડોપિંગ વિરોધી ગતિવિધિઓ પર નજર રાખે છે.

### પ્રતિબંધિત સ્ટાર ખેલાડીઓ

ભારતની આ યાદીમાં 100 મીટરની નેશનલ રેકોર્ડ ધારક દુતી ચંદ (4 વર્ષનો પ્રતિબંધ), રનર પરવેઝ ખાન (2030 સુધી પ્રતિબંધ) અને તમિલનાડુની સ્પ્રિન્ટર શેખર ધનલક્ષ્મી (8 વર્ષનો પ્રતિબંધ) જેવા મોટા નામો સામેલ છે.

# આજે અમદાવાદમાં રાજસ્થાન સામે ટકરાશે ગુજરાત





**વન્ડર** બોય સૂર્યવંશી વિરુદ્ધ રબાડા-સિરાજનો ત્રિપુટી જંગ

**મેચ** સાંજે 7.30 વાગ્યાથી શરૂ થશે

અમદાવાદ, તા. 3 (પીટીઆઈ): શનિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ (RR) અને ગુજરાત ટાઇટન્સ (GT) સામસામે ટકરાશે, જેમાં રાજસ્થાનની ટીમ ફેવરિટ મનાઈ રહી છે. આ મેચમાં મુખ્ય આકર્ષણ 15 વર્ષનો 'વન્ડર બોય' વૈભવ સૂર્યવંશી હશે, જેણે ગત મેચમાં માત્ર 15 બોલમાં 50 રન ફટકારી ધમાકેદાર શરૂઆત કરી છે. જોકે, આ વખતે તેની સામે રબાડા, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના દિગ્ગજ બોલરોનો પડકાર હશે.

ગુજરાત ટાઈટન્સ માટે કેપ્ટન શુભમન ગિલ, સાઈ સુદર્શન અને જોસ બટલરનું ફોર્મ ચિંતાનો વિષય છે, કારણ કે તેમનો સ્ટ્રાઈક રેટ અપેક્ષા મુજબનો નથી. મિડલ ઓર્ડરમાં પણ રાહુલ તેવટિયા અને શાહરૂખ ખાન સંઘર્ષ કરી રહ્યા છે. બીજી તરફ, રાજસ્થાન રોયલ્સ પાસે જોફ્રા આર્ચર અને નાન્દ્રે બર્ગર જેવા ઘાતક ફાસ્ટ બોલરો છે. રિયાન પરાગની કેપ્ટનશીપ હેઠળ રાજસ્થાનની ટીમ પેપર પર મજબૂત દેખાય છે. જો ગુજરાત પહેલા બેટિંગ કરે તો તેમને ઓછામાં ઓછા 220 રનનો લક્ષ્યાંક સેટ કરવો પડશે, કારણ કે અમદાવાદની પિચ બેટ્સમેનો માટે સ્વર્ગ સમાન માનવામાં આવે છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### દેશભરના ટોલ...

(NHAI) એ અગાઉ જણાવ્યું હતું કે ટોલ ચુકવણી ફક્ત FASTag અને UPI ડિજિટલ પદ્ધતિઓ દ્વારા જ પ્રક્રિયા કરવામાં આવશે. ઓથોરિટીનું કહેવું છે કે આ ફેરફારથી ટોલ પ્લાઝા પર ભીડ ઓછી થશે, ચુકવણીમાં વધુ પારદર્શિતા આવશે અને મુસાફરી સરળ બનશે. અહેવાલ મુજબ, દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર 1,150 થી વધુ ટોલ પ્લાઝા છે. NHAI કહે છે કે સંપૂર્ણપણે ડિજિટલ ચુકવણી તરફ જવાથી ટ્રાફિક હળવો થશે અને મુસાફરીનો અનુભવ સારો થશે.

### UAEએ પાકિસ્તાનને...

યુએઈ સંપૂર્ણપણે ઈઝરાયલ અને ભારતના પ્રભાવ હેઠળ છે. તે ઈરાન પર વધુ આક્રમક હુમલાઓનું સમર્થન કરે છે. પરિણામે, તે યુદ્ધ અટકાવવાના પાકિસ્તાનના પ્રયાસોથી નારાજ છે. અબસાર કહે છે કે ઈઝરાયલ અને ભારતના ઈશારે યુએઈએ પાકિસ્તાનને બે અબજ ડોલર પરત કરવાનો આદેશ આપ્યો છે. આ પછી, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીર વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકો ચાલી રહી છે.

### અબુ ધાબીમાં...

એક ગંભીર રીતે ઘાયલ થયો છે. હવાઈ જોખમના મૂળ અને ચોક્કસ સ્વરૂપનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો, પરંતુ જ્યારે ઈરાન આ ક્ષેત્રમાં ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત મોરચા સાથેના સશસ્ત્ર સંઘર્ષના ભાગ રૂપે ગલ્ફ રાજ્યો પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું ત્યારે આ હુમલો થયો.

### ઇરાનના માજી...

પ્રસ્તાવને કેટલો ગંભીરતાથી લેવાય છે તે હજુ સ્પષ્ટ નથી. જોકે તેમની પાસે ઈરાન સરકારમાં કોઈ સત્તાવાર હોદ્દો નથી, પરંતુ તેમણે સુધારાવાદી રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનને ચૂંટવામાં મદદ કરી હતી અને વરિષ્ઠ નેતાઓની મંજૂરી વિના આવો લેખ પ્રકાશિત કર્યો ન હોત. અત્રે ઉલ્લેખનીય છે કે ઝરીફને ઈરાન વતી પશ્ચિમી દેશો સાથે મંત્રણા કરવાન ઘણો અનુભવ છે.

### એક પાયલટને...

પશ્ચિમી સ્ત્રોતને ટાંકીને, નીચે પડી ગયેલા F-15E સ્ટ્રાઈક ઈગલ પર સવાર બે અમેરિકન ક્રૂ મેમ્બરમાંથી એકને દક્ષિણ ઈરાનમાંથી બચાવીને બહાર કાઢવામાં આવ્યો છે.

### ઇરાને US...

એક ચેનલે શુક્રવારે દાવો કર્યો હતો કે એક અમેરિકી ફાઈટર પાઈલટ દક્ષિણ-પશ્ચિમ ઈરાન ઉપર તેના વિમાનમાંથી ઈજેક્ટ થયો (બહાર નીકળી ગયો) હતો. ઈરાનના રાજ્ય મીડિયાએ શુક્રવારે વહેલી સવારે પૂંછડીના ફિન અને અન્ય કાટમાળની છબીઓ પ્રકાશિત કરી હતી અને પ્રારંભિક દાવો કર્યો હતો કે મધ્ય ઈરાન પર એક નવી હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા યુએસ F-35 ને ટક્કર આપવામાં આવી હતી અને પાયલોટનું મોત થયું હોવાની શક્યતા છે. લગભગ પાંચમા સપ્તાહના અંતે પહોંચેલા યુદ્ધમાં વધુ એક નાટકીય ઉગ્રતા લાવી શકે છે. પરિસ્થિતિથી વાકેફ યુએસ અધિકારીઓએ પાછળથી ઓફ ધ રેકોર્ડ પુષ્ટિ આપી કે એક F-15E ને તોડી પાડવામાં આવ્યું હતું અને પેન્ટાગોન ક્રૂને શોધવા માટે દોડધામ કરી રહ્યું હતું. અમેરિકાએ આ બાબતે ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક પ્રતિસાદ આપ્યો નથી.

### ભારતને ક્રૂડ,...

ઉદ્યોગ અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂક્યો છે. વેપાર પર ભારત-રશિયા આંતર-સરકારી પંચ (આઈઆરઆઈજીસી-ટીઈસી) ની બેઠકમાં 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર 100 અબજ ડોલર સુધી લઈ જવાના લક્ષ્યાંક પર ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને પક્ષોએ નાગરિક પરમાણુ ઉર્જા, કનેક્ટિવિટી અને ક્રિટિકલ મિનરલ્સ જેવા નવા ક્ષેત્રોમાં તકો અંગે પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. રશિયાના પ્રતિનિધિ મંડળે પરમાણુ ઉર્જા ક્ષેત્રે ભારત સાથેના જોડાણને વધુ ઊંડું બનાવવાની પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરી છે. આમ, વૈશ્વિક તણાવ વચ્ચે ભારત અને રશિયા પોતાની આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંમત થયા છે.

### CBSEમાં છઠ્ઠા...

અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું કે, જો કે ભાષાઓની આ સમાન યોજના અપનાવવી ઈચ્છનીય છે, પરંતુ વિદેશી શાળાઓમાંથી પરત ફરતા વિદ્યાર્થીઓ માટે, જ્યાં તેમણે ધોરણ 8 કે 9 સુધી ભણેલી ત્રીજી ભાષા સ્થાનિક શાળાઓમાં ઉપલબ્ધ ન હોય, તેવા કિસ્સામાં અપવાદરૂપ સંજોગોમાં માન્ય નિયમો મુજબ મુક્તિ આપી શકાય છે. જો કે, આવા વિદ્યાર્થીઓએ અભ્યાસ યોજનામાં નિર્ધારિત કુલ વિષયોનો અભ્યાસ કરવો જરૂરી રહેશે. શૈક્ષણિક સત્ર 2026-27 થી ગણિત અને વિજ્ઞાનમાં બે-સ્તરની પ્રણાલીની રજૂઆત સાથે મોટો માળખાગત ફેરફાર જોવા મળશે.

### અણુ સંચાલિત...

કાર્યરત કરવામાં આવી હતી. નૌકાદળે ઓગસ્ટ 2024 માં તેની બીજી સ્વદેશી SSBN, INS અરીઘાતને કાર્યરત કરી હતી. SSBN નો અર્થ 'શિપ સબમર્સિબલ બેલેસ્ટિક ન્યુક્લિયર' અથવા પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન થાય છે. મહિનાઓના દરિયાઈ પરીક્ષણો પછી INS અરિદમનને કાર્યરત કરવામાં આવી છે. જાણવા મળ્યું છે કે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કેરળમાં એક નૌકાદળ બેઝ પર કમીશનિંગ સમારોહમાં હાજરી આપી હતી. સબમરીનને સેવામાં સામેલ કરવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. સંરક્ષણ મંત્રી સિંહે આજે સવારે હિન્દીમાં એક રહસ્યમય સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે, તે શબ્દો નથી પણ શક્તિ છે, 'અરિદમન'. ભારત પાસે હવામાંથી અને જમીન પરથી પરમાણુ ક્ષમતાઓ સાબિત થયેલી છે, ત્યારે હવે તે તેની પાણીની અંદરની પરમાણુ ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

### મંત્રણાની વાતો...

મોટાભાગના પુરવઠા માટે આવા પ્લાન્ટ્સ જવાબદાર છે, અને હવે તેઓ આ યુદ્ધમાં મુખ્ય નિશાન બની રહ્યા છે. અમેરિકા અને ઈઝરાયેલના એ દાવા છતાં કે ઈરાનની સૈન્ય ક્ષમતાઓ લગભગ નાબૂદ થઈ ગઈ છે, તેહરાને ઈઝરાયેલ અને તેના પાડોશી ગલ્ફ આરબ દેશો પર સતત દબાણ જાળવી રાખ્યું છે. ગલ્ફના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઈરાનના હુમલા અને હોર્મુઝની સામુદ્રધુની પર તેની મજબૂત પકડને કારણે શેરબજારોમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે અને તેલના ભાવ આસમાને પહોંચ્યા છે. આ દરમિયાન બહેરીનમાં પણ સાયરન વગાડવામાં આવ્યા હતા, જ્યારે સાઉદી અરેબિયાએ દાવો કર્યો હતો કે તેણે ઈરાનના અનેક ડ્રોન તોડી પાડ્યા છે. ઈઝરાયેલે પણ મિસાઈલ હુમલાના અહેવાલો આપ્યા છે. સંયુક્ત આરબ અમીરાત(UAE)માં એક મિસાઈલને હવામાં આંતર્યા બાદ તેનો કાટમાળ પડવાથી ગેસ ફિલ્ડમાં આગ લાગી હતી, જેના કારણે સત્તાવાળાઓએ તે ફિલ્ડ બંધ કરવાની ફરજ પડી હતી. બીજી તરફ, સામાજિક કાર્યકર્તાઓએ તેહરાન અને મધ્ય ઈરાનના ઈસ્ફાહાન શહેરમાં હુમલા થયા હોવાનું જણાવ્યું છે, જો કે ત્યાં કયા સ્થળોને નુકસાન થયું છે તે હજુ સ્પષ્ટ નથી. એક દિવસ પહેલા, ઈરાને એવો આરોપ પણ લગાવ્યો હતો કે અમેરિકાએ તેના એક નિર્માણાધીન મુખ્ય પુલ પર હુમલો કર્યો હતો, જેમાં આઠ લોકોનાં મોત થયા છે.

## સુડોકુ ૨૨૪૪ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૨ | | | ૧ |
| | | | | | | ૭ | ૨ | |
| | ૨ | ૬ | | | ૭ | | | |
| | ૪ | ૫ | ૮ | ૨ | ૧ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૩ | ૯ | | | ૫ | ૪ | | ૨ |
| | | ૨ | | ૩ | ૪ | ૬ | | |
| ૯ | | ૩ | ૨ | ૫ | | ૧ | ૭ | |
| | | | | ૯ | | | | ૫ |
| | | | | ૧ | ૬ | | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### બાળકને ઉલટી

બાળકને દૂધ માફક ન આવે તો ઘચરકા આવે છે. તરત બાળકને ઊંચકી લો. મોં સાફ કરી લો. બાળકની શ્વાસનળીમાં ઉલટી ન જાય તેની કાળજી રાખવી. ઉલટી વધુ થાય તો આ ચૂર્ણ ચટાડો. નાગરમોથ, કાકડા શીંગ અને અતિવિષ સરખા ભાગે લઈ દળી બારીક ચાળી, ચૂર્ણ ભરી રાખો. તેમાંથી 200 મીલી ગ્રામ ચૂર્ણ, દિવસમાં ત્રણ વાર મધ અને પાણી સાથે આપો.

## આજનું પંચાંગ

**તા. 04/04/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948

**વીક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર

**તિથિ:** વદ: બીજ: 10:10 પછી ત્રીજ

**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત

**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 14

**યોગ :** હર્ષણ

**કરણ:** વણિજ **નક્ષત્ર :** સ્વાતિ: 21:36

**રાશિ:** તુલા (ર,ત)

**દિવસ :** સામાન્ય

**સુરતમાં સૂર્યોદય :** 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:53

**નવકારસી :** 07:19

**પારસી વર્ષ :** 1395 આવા માસનો 23મો રોજ

**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 15મો રોજ

**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ

**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ

**રાહુ કાળ :** સવારે:- 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** રોમેન્ટીક મુડ રહેવાથી દાંપત્યજીવન રંગીન બનશે. ઘરમાં અવરજવર વધે. આવક વધારવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** રોજની કામગીરીથી કંટાળો આવે. આરોગ્ય નરમ રહે. માતાના મદદથી કામકાજમાં અનુકૂળતા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમમાં રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમવિવાહ બાબતે મદદ મળે. મિત્રો સાથે મનોરંજન થાય.

**કર્ક (ડ,હ,):** નોકરીમાં જવાબદારી વધે. નવા વેપાર બાબતે પ્રગતિ થાય. બહારના કામ માટે મદદ મળે. પ્રવાસ થાય.

**સિંહ (મ,ટ,):** કાલ્પનિક અને ક્રિએટીવ બનશો. માર્કેટીંગમાં પ્રગતિ થાય. દલાલી-ભાડાની આવક વધે. પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉઘરાણી આવે. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. અચાનક શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** આનંદ જનક મુલાકાત અને કામમાં અનુકૂળતા થાય. પરિવારની સમસ્યાનું સમાધાન થાય. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** ખાવા-પીવામાં ધ્યાન રાખવું. સમાજમાં માન મળે. ખર્ચા વધશે. ધર્મ - કર્મથી શાંતિ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં તાલમેળ વધશે. આવક વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય.

**મકર (ખ,જ,):** ધંધા માટે નવી યોજનામાં વડીલોનો સાથ મળે. નોકરીમાં પ્રગતિ થાય. વેપારમાં આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાતથી નવી તક મળે. અટકેલાં કામ પાર પડે. વિદેશનાં કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધર્મ-કર્મ થાય. શુભ સમાચાર મળે. અચાનક આવક વધે સરકારી યોજનાનો લાભ મળે.

### કોઈ પણ સાલમાં 04 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં ચડતી-પડતીની સાથે નવી તક મળે. નવું શીખવા મળે. ધંધામાં આવક વધે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. હરીફો પરેશાન કરશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. નોકરી-ધંધા-વેપારમાં નવા ફેરફારના અનુભવ થાય અને જવાબદારી વધે. વિદ્યાર્થીઓને મદદ મળતી રહે. વિદેશના કામ ધીમા પડશે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનના કામમાં પ્રગતિ થાય. વારસા જાયદાદ, જમીનનો કામમાં વડીલોની મદદ મળે. યાત્રા પ્રવાસથી ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ રવિ સોમ-બુધ, 9, 13, 22, 31 તા. નવા કામ કરી શકાય. ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર ડિસેમ્બર શુક્ર, શનિ અને 7,16, 25 તારીખે નવા કામ ટાળવો. સફેદ રંગનો ઉપયોગ ટાળવો.